| PUBLICATION NAME : | Prabhat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 05/08/2023 |
| PAGE : | 2 |

# આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ)એ ૨૨માં દિક્ષાંત સમારોહનું આયોજન કર્યું

ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય તરફથી સેન્ટર ઓફ એક્સલન્સની માન્યતા ધરાવતા આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ)એ શુક્રવારે તેના ૨૨માં દિક્ષાંત સમારોહનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ૫૪ વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલો પદવી એનાયત કરાઇ હતી, જેમાં પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમાના ૫૨ અને મેનેજમેન્ટના બે ફેલો સામેલ છે. તમિળનાડુના માનનીય રાજ્યપાલ શ્રી આરએન રવિ મુખ્ય અતિથિ તરીકે ભવ્ય સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી રવિએ ગ્રેજ્યુએટ થયેલાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક પદકો એનાયત કર્યાં હતાં તથા દિક્ષાંત સંબોધન કર્યું હતું.

ઇડીઆઇઆઇના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ માનનીય રાજ્યપાલ અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. તેમણે શિક્ષણ, સંશોધન, તાલીમ, એમએસએમઇ, ઇનોવેશન અને સર્વાંગી વિકાસ ક્ષેત્રે ૪૦ વર્ષ દરમિયાન ઇડીઆઇઆઇના કાર્યની રૂપરેખા આપી હતી. ડો. શુક્લાએ સરકારી મંત્રાલયો અને વિભાગો તથા જાણીતા કોર્પોરેટ્સના સહયોગથી નીતિ ઘડતરના ક્ષેત્રોમાં ઇડીઆઇઆઇની સિદ્ધિઓ વિશે વાત કરી હતી, જેનાથી ઉદ્યોગોની સ્થાપના, આવક અને રોજગાર સર્જન થયું છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ શ્રી આરએન રવિએ ગ્રેજ્યુએટ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં હતાં તથા વર્તમાન સમયમાં તેમના માટે ઉપલબ્ધ અપાર તકો હાઇલાઇટ કરી હતી. તેમણે કહ્યું હતું કે, "તમે એવાં સમયે ગ્રેજ્યુએટ થઇ રહ્યાં છો કે જ્યારે દેશ મોટાપાયે ક્રાંતિકારી બદલાવમાંથી પસાર થઇ રહ્યો છે. વર્તમાન યુગ દરેક વ્યક્તિ માટે અપાર તકોનું સર્જન કરી રહ્યો છે. આથી તમારા ભાગ્યને અજમાવો અને આગળ વધો. આજે, સમગ્ર દેશ એક મોટો પરિવાર છે અને દેશની દરેક સમસ્યાઓનો દરેકે ભેગા મળીને સામનો કરવાનો છે. દેશની વૈવિધ્યતા વિશેષ છે અને તે ભારતને ઓળખ આપે છે. આપણો દેશ યુવાનોને તેમની ઉર્જા અને સંભાવનાઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી રહ્યો છે અને એક એવી ઇકોસિસ્ટમની રચના કરાઇ રહી છે, જ્યાં યુવાનો આગળ વધી શકે. આજે ભારત એક લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. આ ફક્ત આપણા યુવાનોની સાહસિક ભાવનાને કારણે છે. મને વિશ્વાસ છે કે યુવાનોની આ સર્જનાત્મક શક્તિ ભારતને વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થા બનાવશે. ભારત મજબૂત વિકાસના માર્ગ ઉપર અગ્રેસર છે અને તમે બધા આ અનોખા ભારતનો હિસ્સો બનો તથા બદલાવનું નેતૃત્વ કરો."

વિદ્યાર્થીઓને સલાહ આપતાં મુખ્ય અતિથિએ કહ્યું હતું કે, "તમે દેશની મિલકત છો અને તેથી સ્વસ્થ રહો, મોટા સપના જૂઓ અને ક્યારે આત્મવિશ્વાસ ગુમાવશો નહીં. તમે વિશ્વ ઉપર વિજય મેળવી શકશો અને રાષ્ટ્રનું નિર્માણ કરશો."

ઇડીઆઇઆઇના પ્રેસિડેન્ટ તથા આઇડીબીઆઇ બેંક લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઇઓ શ્રી રાકેશ શર્માએ પ્રેસિડેન્શિયલ વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત દર્શકોનો સંબોધન કરતાં પ્રેસિડેન્ટે ઉદ્યોગ સાહસિકતાના લાભો તથા ઇડીઆઇઆઇના પૂર્વ વિદ્યાર્થીની સિદ્ધિઓ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "ઇન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ એવી એન્ટરપ્રાઇઝની સ્થાપના કરી છે કે જેઓ સફળતા બદલ પ્રશંસા અને ધ્યાન આકર્ષિત કરી રહ્યાં છે. તેમાંથી કેટલીક એન્ટરપ્રાઇઝિસ લિસ્ટેડ કંપની પણ બની છે. ઇન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભાગ્યશાળી છે કે તેમને માનનીય પ્રધાનમંત્રી, રાજ્યના મુખ્યમંત્રી અને બીજા મહાનુભાવો પાસેથી સલાહ મળી છે. મને આશા છે કે વધુ લોકો એક ઉદ્યોગસાહસિક બનવાના લાભોને સમજવા આગળ આવશે તથા કેવી રીતે તેમના ઉદ્યોગની સ્થાપના કરીને સફળ બનવું તેની જાણકારી મેળવી શકશે."

ઇડીઆઇઆઇના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ આભાર વ્યક્ત કરીને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.